# BUSINESS મિત્ર

### બિહારની ચુંટણીના પરિણામ પહેલા રોકાણકારોમાં સાવચેતીનો સૂર જોવાયો, રોકાણકારોને રૂ. 55 હજાર કરોડની ખોટ

# સેન્સેક્સ દિવસની ઉંચાઇએથી 400 પોઇન્ટ લપસ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 13

ભારતીય શેરબજારમાં આજે બેઉતરફી વધઘટે છેલ્લે સપાટ બંધ રહ્યા હતા. આજે શરૂઆત તેજીથી થઇ હતી, પણ મિડ સેશન બાદ વેચવાલી હાવી રહી હતી અને સમગ્ર ઉછાળો ધોવાઇ ગયો હતો. આજે સેન્સેક્સ ઉપલા સ્તરેથી 400 પોઇન્ટ ઘટ્યો હતો. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 55000 કરોડનું નુકશાન થયું હતું. આજે સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટિવ પણ સપાટ બંધ રહ્યા હતા.

છેલ્લા એક કલાકમાં તીવ્ર વેચાણ પ્રભુત્વ ધરાવે છે અને બંને ઈન્ડેક્સ તેમનો નફો ટકાવી શક્યા નથી. આ વેચવાલી હકીકતમાં આવતીકાલે બિહારની ચૂંટણીનું મતદાન ગણતરી થનારી છે. સેકટર વાઇઝ મિશ્ર વલણ જોવાયું હતું. જેમાં નિફ્ટી રિયલ્ટી અને ફાર્મા ઈન્ડેક્સ, ફાઇનાન્સીયલ સર્વિસીસ અને હેલ્થકેર ઈન્ડેક્સમાં સુધારો રહ્યો હતો. જ્યારે પીએસયુ બેન્ક, મીડિયા, એફએમસીજી, આઇટી અને ઓઠો ઈન્ડેક્સ ઘટાડો જોવાયો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને રૂ. 473.14 લાખ કરોડ થયું છે. જેમાં લગભગ 55 હજાર કરોડનો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય કેબિનેટમાં નિકાસકારોને ટેકો આપવા માટે રૂ. 45060 કરોડ ખર્ચવાની મંજુરી આપી છે. જ્યારે રિટેલ ફુગાવો પણ રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો, કારણ કે ખાદ્યપદાર્થોના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો અને કરમાં ઘટાડો થયો હતો. બીએસઇ સેન્સેક્સ 12.16 પોઇન્ટ એટલે કે 0.01 ટકા સુધરીને 84478.67 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84919 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84253 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 3.35 પોઇન્ટ એટલે કે 0.01 ટકા સુધરીને 25879.15 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં 26010 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25808 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 107.30 પોઇન્ટ એટલે કે 0.18 ટકા વધીને 58381.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એસબીઆઇ કાર્ડસ 97.6 ગણા, હોનાસા કન્ઝ્યુમર 18.17 ગણા, મેનકાઇન્ડ ફાર્મા 17.3 ગણા, ફાઇઝર 14.41 ગણા, રામકૃષ્ણ ફોર્જીંગ્સ 12.94 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે રામકૃષ્ણ ફોર્જીંગ્સ 27.45 ગણા, હોનાસા કન્ઝયુમરમાં 19.87 ગણા, ડેટા પેટર્ન 19.12 ગણા, વોલોર એસ્ટેટ 11.89 ગણા, ફાઇઝર લિ. 10.63 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો ઘટાડો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.34 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.30 ટકા ઘટાડો નોંધાયો છે. જ્યારે માર્કેટ બ્રેડથ નેગેટિવ જોવાઇ હતી. બીએસઇ ખાતે 1844 શેરો વધ્યા હતા, જ્યારે 2382 શેરો ઘટયા હતા અને 154 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં તેજીના પગલે નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 0.44 ટકા વધ્યો હતો. જેમાં હિન્દુસ્તાન ઝીંક, હિન્દાલ્કો, વેદાન્તા, જિન્દાલ સ્ટેનલેસ, વેલસ્પન કોર્પ, જિન્દાલ સ્ટીલ,, નેલ્કો, સેઇલ, જેએશડબલ્યુ સ્ટીલ અને એનએમડીસી સુધર્યા હતા. જ્યારે લોઇડસ મેટલ્સ, એપીએલ અપોલો ટયુબ્સ અને ટાટા સ્ટીલ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં આગળ વધ્યા હતા, જે રેકોર્ઢ પરના સૌથી લાંબા યુએસ સરકારના શટડાઉનને સમાપ્ત કરતા બિલ પર સફળ હસ્તાક્ષર દ્વારા વેગ આપે છે, જ્યારે યુકેનું અર્થતંત્ર ત્રીજા કવાર્ઠરમાં નજીવું વધ્યું હતું. બીજા કવાર્ટરમાં 0.3 ટકાની વૃદ્ધિથી ધીમું હતું. બેન્ક ઓફ ઈગ્લેન્ડના મતે ફુગાવો ટોચ પર છે, તાત્કાલિક બેઝ રેટમાં કાપ ન મુકવા માટે સાંકડી મતદાન હોવા છતાં, બેન્કની નાણાકીય નીતિ સમિતિએ ડિસેમ્બરના કાપ માટે દરવાજા ખુલ્લા છોડી દીધા હતા.

### રૂપિયો સપાટ રહ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો એક પૈસા નરમ રહ્યો હતો, આજે ડોલરની સામે રૂપિયો 88.66ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.65ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 103.10, પાઉન્ડ 116.67, કેનેડિયન ડોલર 63.33, ઓસ્ટ્રેલિયન ડોલર 58.52, જાપાનીઝ યેન 0.5738 અને સીંગાપોર ડોલર 68.20ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 88.66 રૂ. |
| યુરો | 103.10 રૂ. |
| પાઉન્ડ | 116.67 રૂ. |
| યેન | 0.5738 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 12.16 | 84478.67 |
| નિફ્ટી | 3.35 | 25879.15 |
| બેન્ક નિફ્ટી | 107.30 | 58381.95 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 3.96 | 2879.40 |
| હિન્દાલ્કો | 2.21 | 811.95 |
| ICICI બેન્ક | 1.99 | 1385.90 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.90 | 5905.50 |
| લાર્સન-ટુબ્રો | 1.21 | 4002.50 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.58 | 297.75 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.46 | 3699.50 |
| ઓએનજીસી | 1.18 | 250.85 |
| બીઇએલ | 1.17 | 419.80 |
| ટ્રેન્ટ | 1.13 | 4326.40 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 3.81 | 2879.10 |
| ICICI બેન્ક | 1.99 | 1385.95 |
| પાવરગ્રીડ | 1.16 | 270.10 |
| લાર્સન-ટુબ્ર | 1.16 | 3999.20 |
| બજાજ ફિનસર્વ | 0.90 | 2054.25 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.63 | 297.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.45 | 3699.20 |
| ટ્રેન્ટ | 1.19 | 4321.95 |
| ટાટા સ્ટીલ | 1.15 | 176.60 |
| બીઇએલ | 1.10 | 419.80 |

# વૈશ્વિક બજારમાં ભારતીય કાપડની માંગમાં વધારો થયો

**રેડીમેડ** ગારમેન્ટની નિકાસ વધીને 111 દેશો સુધી ફેલાઇ: યુએસ ટેરિફનો વિવાદ ઉકેલાઇ જાય તો નિકાસ વેગવાન બનશે

નવી દિલ્હી, તા. 13: વૈશ્વિક પડકારો હોવા છતાં, ભારતની કાપડ અને રેડીમેટ ગારમેન્ટની નિકાસ મજબૂત છે. નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ છ માસિક ગાળામાં, ભારતે 111 દેશોમાં કાપડની નિકાસમાં 10 ટકાનો વધારો નોંધાવ્યો હતો. આ દેશોએ કુલ 8489.08 મિલિયન ડોલરની કમાણી કરી હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 7718.55 મિલિયન ડોલર હતી. તેનાથી 770.3 મિલિયન ડોલરની વધારાની આવક થઇ હતી.

એકંદરે, કાપડ, રેડીમેડ ગારમેન્ટ અને મેડ-અપ નિકાસમાં 0.1 ટકાનો નજીવો વધારો થયો છે. પણ જો હસ્તકલાની નિકાસ સાથે જોડાવામાં આવે તો આ આંકડો વધુ મજબૂત દેખાય છે. મુખ્ય બજારોમાં, સંયુક્ત આરબ અમીરાત 14.5 ટકા, યુકે 1.5 ટકા, જાપાન 19 ટકા, જર્મની 2.9 ટકા, સ્પેન 9 ટકા અને ફ્રાન્સ 9.2 ટકૃ સારી વૃદ્ધિ દર્શાવે છે. તે જ સમયે, ઈજિપ્ત 27 ટકા, સાઉદી અરેબિયા 12.5 ટકા અને હોંગકોંગ 69 ટકા જેવા બજારોમાં તીવ્ર ઉછાળો નોંધાયો હતો.

આંકડા દર્શાવે છે કે વૈશ્વિક મંદી અને ટેરિફના અવરોધો હોવા છતાં, ભારતીય કાપડ ઉદ્યોગ સ્પર્ધાત્મક છે. આ વધારામાં મુખ્ય ફાળો આપનાર રેડીમેડ ગાર્મેન્ટ્સ 3.42 ટકા અને જ્યુટ પ્રોડક્ટ્સ 5.56 ટકા હતા.

સરકારની મેક ઇન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભાર યોજનાઓએ નિકાસને નવી દિશા આપી છે. ભારત હવે માત્ર મોટા દેશો પર નિર્ભર નથી રહ્યું કારણ કે તે બિન પરંપરાગત બજારોમાં વિસ્તરી રહ્યું છે. નાના અને મોટા 111 બજારો સુધી પહોંચીને વિવિધતા અને ટકાઉપણું પ્રાપ્ત કરવામાં આવી છે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સફળતા મૂલ્યવર્ધન, ગુણવત્તા સુધારણા અને નવા બજારોની શોધનું પરિણામ છે. ઉદ્યોગનું કહેવું છે કે ભારતીય ટેક્સટાઇલ કંપનીઓ હવે ડિઝાઇન, બ્રાન્ડિંગ અને ટકાઉ ઉત્પાદનો પર ભાર આપી રહી છે.

# ભારતીય અર્થવ્યવસ્થા વધુ સારો દેખાવ કરશે

**2027** સુધીમાં 6.5 ટકાના દરે વૃદ્ધિ કરશે: મૂડીઝ

**જી-20માં** ભારત અને બ્રાઝિલ સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે, બ્રાઝિલનો ગ્રોથ 2 ટકા અને ભારતનો ગ્રોથ 6.5 ટકા હોઇ શકે

નવી દિલ્હી, તા. 13: રેટિંગ એજન્સી મૂડીઝે ભારતીય અર્થવ્યવસ્થાના વધુ સારા દેખાવની આશા વ્યક્ત કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 2027 સુધીમાં અર્થતંત્રની વાર્ષિક સરેરાશ વૃદ્ધિ 6.5 ટકા થઇ શકે છે. પરિવારોનો વપરાશ વધારવામાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટા રોકાણમાં આનાથી મોટો હાથ રહેશે. મૂડીઝે તેના નવા ગ્લોબલ મેક્રો આઉટલુકમાં આ અંદાજ લગાવ્યો છે.

મૂડીઝ રેટિંગ્સે 2025માં ભારતનાજીડીપી ગ્રોથનું અનુમાન યથાવત રાખ્યું છે. તે 2026માં 6.4 ટકા અને 2027માં 6.5 ટકા વૃદ્ધિ થવાની અપેક્ષા રાખે છે. તેણે કહ્યું છે કે સ્થાનિક માંગ સ્થિર રહેવાની અપેક્ષા છે અને નિકાસ વૈવિધ્યકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અમે આશા રાખીએ છીએ કે ભારત અને બ્રાઝિલ જી-20માં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે. બ્રાઝિલનો ગ્રોથ 2 ટકા અને ભારતનો ગ્રોથ 6.5 ટકા હોઇ શકે છે.

રેટિંગ એજન્સીએ કહ્યું છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સારૂં રોકાણ કરવામાં આવી રહ્યું છે. વપરાશ પણ સ્થિર છે. જોકે, ખાનગી ક્ષેત્રમાં મુડી ખર્ચ સુસ્ત રહે છે. અર્થતંત્રની સારી તબિયત હોવા છતાં કંપનીઓ બિઝનેસના વિસ્તરણની બાબતમાં સાવચેત રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નવા વેપાર અવરોધો વચ્ચે ભારતની નિકાસમાં વૈવિધ્યકરણ જોવા મળ્યું છે. અમેરિકા તરફથી 50 ટકા ટેરિફ હોવા છતાં સપ્ટેમ્બરમાં ભારતમાંથી કુલ શિપમેન્ટમાં 6.75 ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

મૂડીઝે 2025માં ફુગાવો 2.8 ટકા રહેવાનું અનુમાન લગાવ્યું છે. તેનું માનવું છે કે ફુગાવો 2026માં 3.5 ટકા અને 2027 માં 4 ટકા હોઇ શકે છે. ઓક્ટોબરમાં ભારતમાં રિટેલ ફુગાવો ઘટીને 0.25 ટકા થઇ ગયો છે. જીએસટીના દરમાં ઘટાડાનો સૌથી મોટો ફાળો માનવામાં આવે છે. નવા જીએસટી દર આ વર્ષે 22 સપ્ટેમ્બરથી અમલમાં આવ્યા છે.

# એશિયન ગ્રેનિટોના નફામાં 12 ગણો વધારો થયો

અમદાવાદ, તા. 13: દેશની અગ્રણી લકઝરી સરફેસ અને બાથવેર સોલ્યુશન્સ બ્રાન્ડ પૈકીની એક એશઇયન ગ્રેનિટો લિ.એ બીજા કવાર્ટરમાં બિઝનેસ ઓપરેશન્સમાં પરિવર્તન લાવ્યું છે, તેમજ ઓપરેશનલ અને ફાઇનાન્સીયલ પર્ફોમન્સમાં સુધારો નોંધાવ્યો છે.

નાણાકીય વર્ષ 2026ના પ્રથમ અર્ધવાર્ષિક માટે કંપનીએ રૂ. 23.2 કરોડની ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જે ગત વર્ષના સયમગાળામાં 1 કરોડ રૂપિયાની ખોટ કરી હતી. આ સમયગાળામાં ચોખ્ખુ વેચાણ વાર્ષિક ધોરણે 8 ટકા વધીને રૂ. 795.20 કરોડ છે, જે નાણાકીય વર્ષ 2025ના પ્રથમ અર્ધવાર્ષિક માટે રૂ. 736.2 કરોડ હતી.

નાણાકીય વર્ષ 2026ના પ્રથમ અર્ધવાર્ષિક માટે એબિટા રૂ. 61.5 કરોડ નોંધાઇ છે, જે નાણાકીય વર્ષ 2025ના પ્રથમ અર્ધવાર્ષિક માટે રૂ. 30.5 કરોડની તુલનામાં વાર્ષિક ધોરણે 102 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

એશિય ગ્રેનિટો ઈન્ડિયા લિ. માટે ટાઇલ મેન્યુફેકચરીંગ બિઝનેસના ડિમર્જરને સમાવિષ્ટ કરતી કમ્પોઝિટ સ્કીમ 1 જુલાઇ 2025ના રોજ એનસીએલટી, અમદાવાદ બેન્ચ દ્વારા મંજુરી મળ્યા બાદ અમલમાં આવી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફલાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૧૧૦૦ |
| તેજાબી સોનું | ૧૩૧૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૪૫૪૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૨૮૪૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૧૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૬૮૨૦૦ |
| ચાંદી સિક્કા | ૧૬૯૭૦૦ |

# અમેરિકા હવે પડોશી દેશ વેનેઝુએલા પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે



દુનિયામાં અનેક યુદ્ધો અટકાવીને નોબેલ પીસ પ્રાઇઝ માટે દાવેદારી નોંધાવનારા ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના પડોશી દેશ વેનેઝુએલા સામે યુદ્ધ જેવી પરિસ્થિતિ પેદા કરી છે. અમેરિકા દ્વારા વિશ્વના સૌથી મોટા યુદ્ધ જહાજ યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડના નેતૃત્વમાં અમેરિકન નૌકાદળની ટુકડીને કેરેબિયન સમુદ્રમાં તૈનાત કરવામાં આવી છે. આ તૈનાતી ગયા મહિને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા કેરેબિયન સમુદ્રમાં કથિત રીતે ડ્રગ્સ વહન કરતી બોટો પર હુમલો કરી રહ્યું છે અને તેનો વેનેઝુએલા સાથેનો તણાવ વધી રહ્યો છે. અમેરિકાએ અત્યાર સુધીમાં કેરેબિયન અને પૂર્વીય પેસિફિકમાં ઓછામાં ઓછા ૧૯ હુમલા કર્યા છે, જેમાં ઓછામાં ઓછા ૭૬ લોકો માર્યા ગયાં છે. અમેરિકાએ એવા કોઈ પુરાવા આપ્યા નથી કે આ હુમલાઓમાં નાશ પામેલી બોટો ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ હતી. તેણે આ હુમલાઓમાં માર્યા ગયેલાં લોકો વિશે કોઈ માહિતી આપી નથી.

અમેરિકા નિયમિતપણે આ પ્રદેશમાં ડ્રગ્સ વહન કરતી બોટો પર હુમલો કરી રહ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે અમેરિકામાં ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે આ પગલું જરૂરી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, અમેરિકાએ પેસિફિક ક્ષેત્રમાં વધુ બે હુમલાઓની જાહેરાત કરી, જેમાં છ લોકો માર્યા ગયાં હતાં. કોલંબિયાના રાષ્ટ્રપતિ પેટ્રોને પણ ડ્રગ હેરફેર જૂથો પ્રત્યેના તેમના નરમ વલણ બદલ ટીકા અને અમેરિકન પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો છે. કોલંબિયાની સેનાએ જણાવ્યું હતું કે તેણે એમેઝોન ક્ષેત્રમાં ડ્રગ સંબંધિત ગેરિલા જૂથ પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ૧૯ લોકો માર્યા ગયાં હતાં. ડોનાલ્ડ ટ્રમ્પે એવી ચિંતાઓને ફગાવી દીધી હતી કે તેઓ વેનેઝુએલાની સરકારને ઉથલાવી પાડવા અથવા યુદ્ધ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. એક મુલાકાતમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તૂટતી દરેક બોટ ડ્રગની હેરાફેરીથી ૨૫,૦૦૦ લોકોના જીવ બચાવે છે અને આપણા દેશભરનાં પરિવારોને વિનાશથી બચાવે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અમેરિકા પણ જમીન પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે, તો ટ્રમ્પે તેનો ઇનકાર કર્યો નહીં.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને અન્ય અધિકારીઓએ અમેરિકા પર કટોકટી ઊભી કરવાનો અને દેશની ડાબેરી સમાજવાદી સરકારને ઉથલાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે. દરમિયાન, ટ્રમ્પ વહીવટીતંત્ર અને કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોની સરકાર વચ્ચે પણ તણાવ વધ્યો છે, જેમને ટ્રમ્પે ગુંડા અને ખરાબ વ્યક્તિ તરીકે વર્ણવ્યા છે. પેટ્રોએ તેમના દેશની સુરક્ષા એજન્સીઓને આદેશ આપ્યો છે કે જ્યાં સુધી કેરેબિયન ક્ષેત્રમાં બોટ પરના હુમલા બંધ ન થાય ત્યાં સુધી અમેરિકન એજન્સીઓ સાથે ગુપ્ત માહિતી શેર કરવાનું બંધ કરે. તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ડ્રગ્સ સામેની લડાઈ કેરેબિયન લોકોના માનવ અધિકારોને આધીન હોવી જોઈએ. અમેરિકન નેવીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સ્ટ્રાઈક ગ્રુપ ૧૧ નવેમ્બરના રોજ યુએસ સધર્ન કમાન્ડના ઓપરેશન ક્ષેત્રમાં પ્રવેશ્યું હતું. તેના ઓપરેશન ક્ષેત્રમાં લેટિન અમેરિકા અને કેરેબિયનનો સમાવેશ થાય છે. આ તૈનાતીમાં યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ એરક્રાફ્ટ કેરિયરનો સમાવેશ થાય છે, જેમાં ૪,૦૦૦ થી વધુ ખલાસીઓ અને ડઝનબંધ વિમાનો, મિસાઇલ વિનાશક અને અન્ય નૌકાદળના જહાજો શામેલ છે. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલે જણાવ્યું હતું કે આ દળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને શોધવા, અટકાવવા અને વિક્ષેપિત કરવાની યુએસ ક્ષમતાને મજબૂત બનાવશે અને ડ્રગ હેરફેર અને ગુનાહિત નેટવર્કને વિક્ષેપિત કરવામાં મદદ કરશે. આ વાહક જહાજ આ ક્ષેત્રમાં પહેલાથી જ તૈનાત અન્ય દળોમાં જોડાશે, જેમાં હજારો સૈનિકો, પરમાણુ સંચાલિત સબમરીન અને પ્યુઅર્ટો રિકોમાં તૈનાત ફાઇટર જેટનો સમાવેશ થાય છે. આ લેટિન અમેરિકામાં સૌથી મોટી અમેરિકન લશ્કરી હાજરી છે.

વેનેઝુએલાએ તેના દરિયાકાંઠે અમેરિકન નૌકાદળની હાજરીનો સામનો કરવા માટે દેશવ્યાપી લશ્કરી તૈનાતીની જાહેરાત કરી છે. એક નિવેદનમાં દેશના સંરક્ષણ મંત્રાલયે સામ્રાજ્યવાદી ખતરાનો સામનો કરવા માટે જમીન, સમુદ્ર, હવા, નદી અને મિસાઇલ દળો તેમજ નાગરિક લશ્કરની વિશાળ તૈનાતી કરવાની હાકલ કરી છે. નિષ્ણાતો કહે છે કે અમેરિકા સાથે લશ્કરી મુકાબલામાં વેનેઝુએલાને ગંભીર નુકસાન સહન કરવું પડશે. રશિયાએ તેના સાથી વેનેઝુએલાની બોટો પર અમેરિકાના હુમલાઓની નિંદા કરી તેમને ગેરકાયદેસર અને અસ્વીકાર્ય ગણાવ્યા છે. અમેરિકાએ વેનેઝુએલાને નાર્કો-સ્ટેટ તરીકે ઓળખાવ્યું છે અને આરોપ લગાવ્યો છે કે રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો સહિત ટોચના અધિકારીઓ મોટા પાયે ડ્રગ્સની હેરાફેરીમાં સામેલ છે. ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે તણાવ વધ્યો છે. વેનેઝુએલા નજીક અમેરિકાની વધતી હાજરીથી એવી આશંકા ઊભી થઈ છે કે વોશિંગ્ટન તેલસમૃદ્ધ દેશ સાથે વ્યાપક સંઘર્ષની તૈયારી કરી રહ્યું છે. માદુરોએ ભારપૂર્વક જણાવ્યું છે કે અમેરિકા વેનેઝુએલામાં સત્તાપરિવર્તનની યોજના બનાવી રહ્યું છે, જે સંઘર્ષ વધારી શકે છે.

બ્રિટન અને કેનેડા બંનેએ કેરેબિયન સમુદ્રમાં અમેરિકાની લશ્કરી કાર્યવાહી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. બ્રિટિશ ગુપ્તચર એજન્સીઓએ હવે શંકાસ્પદ ડ્રગ દાણચોરી કરતી બોટ અંગે અમેરિકા સાથે માહિતી શેર કરવાનું બંધ કરી દીધું છે. બ્રિટનને ડર છે કે અમેરિકા તેની માહિતીનો ઉપયોગ ઘાતક હુમલાઓ માટે કરી રહ્યું છે. બ્રિટને આને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે અને અમેરિકાની કોઈ પણ કાર્યવાહીથી પોતાને દૂર રાખ્યું છે. વેનેઝુએલાએ જણાવ્યું છે કે તેણે કેરેબિયન સમુદ્રમાં યુદ્ધ જહાજો અને સૈનિકોની વધતી જતી તૈનાતીના જવાબમાં સૈનિકો, શસ્ત્રો અને લશ્કરી સાધનોની મોટા પાયે તૈનાતી શરૂ કરી દીધી છે. સંરક્ષણ પ્રધાન વ્લાદિમીર પેડ્રિનો લોપેઝે જણાવ્યું હતું કે દેશની સેના, નૌકાદળ, વાયુસેના અને અનામત દળો મોટા પાયે લશ્કરી કવાયતો કરશે. તેમણે આ કવાયતને અમેરિકન સામ્રાજ્યવાદી ધમકીના પ્રતિભાવ તરીકે વર્ણવી હતી. નિયમિત સૈનિકોની સાથે બોલિવેરિયન લશ્કર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝ દ્વારા બનાવવામાં આવેલ નાગરિક અનામત દળ પણ આ કવાયતોમાં ભાગ લેશે. માદુરો સરકારે લાંબા ગાળાના પ્રતિકાર નામની એક નવી યુદ્ધ-યોજના ઘડી છે. આ વ્યૂહરચના દેશભરમાં ૨૮૦ થી વધુ સ્થળોએ નાનાં ગેરિલા એકમો બનાવશે. આ એકમો ગેરિલા હુમલાઓ, તોડફોડ અને ઓચિંતો હુમલો કરીને દુશ્મન સાથે વ્યવહાર કરશે. બીજી યોજના રાજધાની કારાકાસમાં અરાજકતા ફેલાવવાની છે, જેથી અમેરિકાના હુમલાની સ્થિતિમાં દેશને અંદરથી અસ્થિર કરી શકાય અને વિદેશી શક્તિઓ ફસાઈ શકે. આ વ્યૂહરચના દર્શાવે છે કે વેનેઝુએલા અમેરિકા સામે પરંપરાગત નહીં પણ માનસિક અને ગેરિલા શૈલીનું યુદ્ધ લડવાની તૈયારી કરી રહ્યું છે.

વેનેઝુએલાના લશ્કર પાસે આધુનિક ટેકનોલોજી અને સંસાધનોની ખૂબ જ ઓછી સુવિધા છે. સરેરાશ સૈનિકનો પગાર દર મહિને માત્ર ૧૦૦ ડોલર છે, જ્યારે ઓછામાં ઓછા ૫૦૦ ડોલરની જરૂર છે. ઘણા સૈનિકોને ખોરાક માટે સ્થાનિક ખેડૂતો સાથે સોદાબાજી કરવી પડે છે. વેનેઝુએલાની લશ્કરી તાકાતમાં જૂના રશિયન ટેન્ક, હેલિકોપ્ટર અને સુખોઈ ફાઇટર જેટનો સમાવેશ થાય છે, જે અમેરિકાના બી-2 બોમ્બર્સની બરાબરી કરી શકતાં નથી. છતાં, માદુરો દાવો કરે છે કે તેમની પાસે દેશભરમાં તૈનાત ૫,૦૦૦ થી વધુ ઇગ્લા-એસ પોર્ટેબલ મિસાઇલો છે.

માદુરો માને છે કે અમેરિકા તેમને સત્તા પરથી દૂર કરવાનું કાવતરું ઘડી રહ્યું છે. એટલા માટે તેમણે ૮૦ લાખ નાગરિકોને લશ્કરી પ્રતિકાર માટે તાલીમ આપવાની યોજનાની જાહેરાત કરી છે, જેનાથી સમગ્ર દેશ સંરક્ષણ દળમાં ફેરવાઈ જશે. જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો વિવાદ રાજદ્વારી સીમાઓથી આગળ વધી શકે છે. એક તરફ, અમેરિકા આર્થિક અને રાજકીય દબાણ વધારી રહ્યું છે, જ્યારે બીજી તરફ, માદુરો પોતાના દેશને ગેરિલા રાજ્યમાં પરિવર્તિત કરવાના માર્ગે છે. એક વાત ચોક્કસ છે કે ભલે તેનાં શસ્ત્રો જૂનાં હોય, વેનેઝુએલા હાર માનવા તૈયાર નથી.

મુદ્દો પોઇન્ટ — સમકિત શાહ

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અમેરિકા નિયમિતપણે આ પ્રદેશમાં ડ્રગ્સ વહન કરતી બોટો પર હુમલો કરી રહ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે અમેરિકામાં ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે આ પગલું જરૂરી છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી — મંગળવાર, શુક્રવાર, રવિવાર — હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો. : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાણીની ટાંકીની**
સફાઈ વૈજ્ઞાનિક પધ્ધતિથી સંપૂર્ણ બેક્ટેરિયા નાબૂદી. સંપર્ક: 9227926306

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

નોકરી વિષયક

**સવારે ૯ થી ૧૨**
માટે કામવાળી બહેન જોઈએ છે ગુજરાતી આવડવું જોઈએ. પાલ અને અડાજણ વિસ્તાર માં રહેતા હોય તેવા એ સંપર્ક કરવો Mo. 9879387024

**શિક્ષક જોઈએ છે**
શાળામાં સવારપાળી અંગ્રેજી માધ્યમમાં ધોરણ 1થી 8માં maths, ભણાવી શકે તેવા તથા બપોરપાળી શાળામાં ધોરણ 1થી 3માં મદદનિશ શિક્ષક તથા ધોરણ ૫થી ૮માં ગણિત, ગુજરાતી,સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત ભણાવી શકે તેવા તથા ધોરણ ૯થી ૧૦માં વિજ્ઞાન ભણાવી શકે તેવા ઉત્સુક ઉમેદવારોએ રૂબરૂ અરજી સાથે મળવું (સમય સવારે 9:00થી 12:00) સ્થળ: શ્રી ભગવતી વિદ્યાલય, A/5 પારસ સોસાયટી, કતારગામ રોડ, સુરત,

**જોઈએ છે વોચમેન**
રહેણાંક એપાર્ટમેન્ટ માટે નાઈટ શિફ્ટ પગાર 8500/- અડાજણ પાટીયા સંપર્ક: 9375525500

**ઈડીઆર કુરીયર**
ઉધના દરવાજા, સુરત ઓફિસ માટે પીકઅપ ડિલીવરી માટે પાર્ટ/ ફુલ ટાઈમ સ્ટાફ જોઈએ. 8209921087

**જોઈએ છે**
શોરૂમમાં સાફ- સફાઈ માટે ભાઈ- તથા બેનની જરૂર છે. 9979044484.

**કોમ્પ્યુટર ઓપરેટર**
લેડીઝ કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. વેસુ- અલથાણ સુરત માટે કો. 8780707330, 6357679678 (587)

**ટાઈપીસ્ટ જોઈએ છે**
ગુજરાતી ટાઈપીંગ LMG, TERRA Font ના જાણકાર. કાર્યસ્થળ- અડાજણ, સુરત. મો. 9909439795, 9909439298 (584)

**જોઈએ છે**
સરદાર માર્કેટમાં કામકાજ માટે પાર્ટટાઈમ/ ફુલટાઈમ રૂબરૂ મળો ગણેશ આલુ ભંડાર G-૨૦/૨૧ ન્યુ સરદાર માર્કેટ ડુંભાલ સુરત. મુલાકાતનો સમય બપોરે ૧૧થી ૨ સાંજે પથી ૭ (585)

**PERFECT NASHA MUKTI KENDRA**
વ્યસન મુકત રહી જીવન બચાવો
દારૂ, સ્મેક, અફીણ, હશીશ, ગાંજા, એમડી, મોબાઇલ એડેકશન, અન્ય કોઈપણ પ્રકારના વ્યસનની સારવાર દવાઓ, સલાહ અને આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા કરવામાં આવે છે
સુવિધા
24 કલાક પિક અપ સુવિધા
દર્દીઓને પરિવારના સભ્યની જેમ સારવાર આપવામાં આવે છે
૧-૧ કાઉન્સેલિંગ
યોગ સ્વચ્છ ખોરાક
ચાલો આપણા પ્રિયજનોને મદદ કરીએ અને તેમને તેમનું સુખી, આનંદી અને મુક્ત જીવન જીવવા દઈએ
Naresh Sharma 9825945183/9974777118
Jacky Sharma 9898494833/9974777119

**ઓલપાડ સ્થિત**
ડિસ્ટ્રિબ્યુટરને ઓડર અને ડિલેવરી માટે માણસો જોઈએ છે .. 9586631687

**જોઈએ છે**
હેલ્થ કેમ્પ માટે છોકરાઓ તથા સેન્ટર માટે છોકરીઓ અનુભવી/ બિનઅનુભવી. નં =9328388881

ઘરવખરી વેચવાની છે

**વેચવાનુ છે ઘરનુ**
ફર્નિચર સ્ટીલનો કબાટ, સોફા, ડબલ બેડ પલંગ, ફ્રીઝ વગેરે. Mo. 9427633341

**''ફીલ્મ વિષયક''**
નવી ફીલ્મ અને વેબસીરીઝ નિર્માણ થવાનું છે. નવાં અને જુનાં કલાકાર લેવાના છે. સંપર્ક: પ્રોડયુસર, વિજય ખેડેકર મો. નં. 7202820113

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

લગન વિષયક

**સુરત રહેતી**
29 વર્ષની Doctor યુવતી માટે Educated યુવક આવકાર્ય 9512318416

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**JOY N JOY TRAVELS**
રામેશ્વર/ મદુરાઈ/ ઉટી/ કોડાઈકેનાલ દિવસ- 11. ઉપડવા તારીખ 19-02. સ્ટાર કેટેગરી હોટલ/ બ્રેકફાસ્ટ- ડીનર સાથે. એક વ્યવસ્થિત આયોજન. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723

**મહેક ટ્રાવેલ્સ**
(1) જગન્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, દિવસ- 9, તારીખ- 11/1, (2) રોયલ કાશ્મીર, તારીખ- 25/1, દિવસ- 8, (3) રોયલ રાજસ્થાન, દિવસ- 8/9, તારીખ- 5/2, 25/2, 10/3. સ્લીપર બસ/ ટ્રેન દ્વારા, નેપાળ સાથે બનારસ, ગયા, અયોધ્યા, દિવસ- 11, સ્પેશીયલ નૈનિતાલ, મસુરી, સ્પેશીયલ પેકેજ કરી આપવામાં આવશે. મળો- મુકેશભાઈ કાપડીયા: 9428993000, 9426813737

**દર રવિવારે દમણ,**
1000/- રૂપિયા, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયા ગેટ Mobile: 9484448329

**સાગર- 9427113317**
સેલવાસ, દમણ, ખાનવેલમાં નાઈટ, ડિસેમ્બરમાં ખાટુશ્યામ, સાંવરિયાજી , નાથદ્વારા, સ્લીપરમાં, કચ્છભુજ, આશાપુરા માતાનો મઠ, મોગલધામ, રણોત્સવ,

મિલ્કત ભાડેથી

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**જોઈએ છે ભાડેથી**
હાર્ડવેર સ્ટોર માટે 5000 થી 10000 SQ FT. રેડીમેડ શેડ, ગોડાઉન અને પ્લોટ, Area: ઉધના, ડિંડોલી ભેસ્તાન, ભાઠેના BRC, ગોડાદરા Mo. 9898063315

મિલ્કત વેચવાની છે

**અડાજણમા**
ગાળા ટાઈપ મકાન તાત્કાલિક ખુબજ વાજબી કિંમત વેચવાનુ છે. ભગતજી 9374535403 (581)

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્ક્લેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (582)

**અરજન્ટ ઓફિસ**
વેચવાની છે ફુલી ફર્નિસ ઓફિસ વેચવાની છે. 1500 Sq. Ft. લાલભાઈ કોન્ટ્રાક્ટર કોમ્પ્લેક્ષ, પારસી લાયબ્રેરીની સામે નાનપુરા સુરત. 395001 M. 9825092156 (583)

**2 BHK ફ્લેટ**
વેચવાનો છે. નવસારી એરૂ ચાર રસ્તા પાસે એગ્રીકલ્ચર કોલેજ સામે Contact- 9427633341

**પ્લોટ વેચવાનો છે.**
2 BHK તિરૂપતિ સર્કલથી જીઆવ તરફ જતા રોડ ઉપર સરળ હપ્તે વેચવાનો છે. ફોન.- 6352120221

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.